**<u>સામખીયાળી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૧૨૨૦૩૩૬/૨૦૨૩,આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)(એ), ૨૯ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે આરોપી કાના વેલા બઢીયાનાઓની જામીન અરજી નીચે હુકમ.</u>**

---

(૧) આ કામના આરોપી કાના વેલા બઢીયાનાઓ ધ્વારા ઉપરોકત મુજબ ગુનાના કામે હાલની જામીન અરજી રજુ રાખવામા આવેલ છે.

(૨) જામીન અરજી, ફરીયાદ વંચાણે લીધી. આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.એ.બાયડ તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત સાંભળવામાં આવેલ છે.

(૩) જામીન અરજી સંદર્ભે આરોપી તરફે વિ.વકીલ શ્રી એન.બી.જાડેજા રજુઆત કરતા જણાવે છે કે, આરોપીએ કોઈ ગુનો આચરેલ નથી, ગુનામાં ખોટી રીતે ફસાવી દીધેલ છે, આરોપી સ્થાનિક તાલુકાના રહેવાસી હોય કયાંય નાસી ભાગી જાય તેમ નથી તેમજ આક્ષેપીત તહોમતમાં નામ.કોર્ટને જામીન ઉપર મુકત કરવાની સતા રહેલ હોય તેમજ નામ.કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન રજુ કરવા તૈયાર હોય અને જે કોઈ શરતો ફરમાવે તેનુ પાલન કરવા માટે આરોપી તૈયાર હોઈ, આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સરકારશ્રી તરફ વિ.એ.પી.પી.શ્રીએ ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોને સાંભળ્યો. એફ.આઈ.આર. અન્વયેના આક્ષેપો ધ્યાને લીધા. આ કામના આરોપી સામે આર્મ્સ એકટ કલમ–૨૫(૧–બી)(એ), ૨૯ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ કરવામા આવેલ છે. વધુમાં

જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી વિરુધ્ધના આક્ષેપીત ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તેમજ ટ્રાયલ સમય દરમ્યાન આરોપીની હાજરી મળી રહેશે કે કેમ તેવી હકીકત લક્ષમાં લેવાની રહે છે. સદરહુ હકીકત જોતા આક્ષેપીત તહોમત આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો આક્ષેપ કરવામા આવેલ નથી અને સદરહુ આક્ષેપીત ગુના સબબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની તથા જામીન ઉપર મુકત કરવાની સત્તા અત્રેની અદાલતને રહેલી છે. વધુમાં આરોપી સ્થાનિક તાલુકાના રહેવાસી હોવાની રજુઆત જોતા ટ્રાયલ દરમ્યાન હાજરી મળી રહે તેવી શકયતા જણાય છે. આમ, આ હકીકત ધ્યાને લેતા તેમજ નામ.સુપ્રિમકોર્ટે જામીન અંગે પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા જો આરોપીને જામીન મુકત કરવામા ન આવે તો પ્રિ –ટ્રાયલ કન્વીકશન થાય. સબબ આ ગુના કામે હુ નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

<u>– : હુકમ :–</u>

આરોપીની હાલની જામીન અરજી આથી ''**મંજુર**'' કરવામાં આવે છે.

આ કામના આરોપીને રૂ.૩૦,૦૦૦/–(અંકે રૂા.ત્રીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામા આવે છે.

**–::શરતો::–**

(૧) આરોપીએ ફરીયાદપક્ષના સાહેદોને ફોસલાવવા કે લલચાવવાનો પ્રયત્ન કરવો નહી.

(૨) આરોપીએ આ પ્રકારના અન્ય ગુનામાં સીધુ કે સાંયોગીક સંડોવાવું નહી.

(૩) આરોપીએ કેસનો નીકાલ ન આવે ત્યાં સુધી અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૪) આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે દીન–૨ માં ત.ક.અ.ને જમા કરાવવો અને ન ધરાવતા હોય તો તે અંગેનુ સોગંદનામુ કરવું.

(૫) આ કામના આરોપીએ હાલના ગુનાનું ચાર્જશીટ થતા સુધી દર મહિનાની

અંગ્રેજી મહિનાની ૧ તથા ૧૫ મી તારીખે સવારે ૯ થી ર વાગ્યાના સમયગાળા દરમ્યાન સંબંધીત પો.સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૬) આ કામના આરોપીએ આવા કે અન્ય કોઈ પ્રકારના ગુનામા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાવવું નહી.

(૭) આ કામના આરોપીએ પોતાના રહેણાંકનું સરનામું જાહેર કરવું અને કોન્ટેકટ નંબર જાહેર કરવો અને તે બદલવાના પ્રસંગે ત.ક.અમલદાર તથા અત્રેની કોર્ટને જાણ કરવી.

આ કામે સંબંધીત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજરોજ જાહેર કરવામાં આવ્યો.

સહી/-

**( કુમારી યોગિતા શર્મા )**
**જયુડી.મેજી.ફ.ક.ભચાઉ-કચ્છ**
**કોડ નં. જી.જે.૦૧૫૨૯**

**સ્થળ: ભચાઉ-કચ્છ.**
**તા.૦૩/૦૮/૨૦૨૩.**